| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ. | ૨૧/૧૦/૨૦૨૨ | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૧/૧૦/૨૦૨૨ | | |
| ફેંસલ કર્યા તારીખ | **૨૫/૦૩/૨૦૨૬** | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૩** | **૦૫** | **૦૪** |

**લીંબડીના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં.**

**રેગ્યુલર દિવાની કેસ નં.૨૩૨/૨૦૨૨**
**આંક:–**

**હસમુખભાઈ ગંગારામભાઈ બોળીયા**
ઉ.વ.૨૫, ધંધો: દરજીકામ
રહે. મોટા ટીંબલા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર :::::::: વાદી.

**વિ રુ દ્ધ**

**(૧) ચીફ ઈજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,
ઠે. નવા મૌવા રોડ, રાજકોટ
**(૨)નાયબ ઈજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,
ઠે. રૂરલ સબ ડીવીઝન, ૬૬ કે.વી. કંપાઉન્ડ,
નેશનલ હાઈવે લીંબડી, :::::::: પ્રતિવાદીઓ.

**બાબત :– દાવો ૨,૫૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) વળતરની રકમ વસુલ મેળવવા અંગે.**

**એડવોકેટસ :–**

વાદી તરફે વિધ્વાન વકીલશ્રી આર.એસ.જીતીયા

પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એચ.એન.રાવલ

## –:: <u>ચૂકા દો</u> ::–

(૧) **<u>વાદીના દાવાની ટુંકમા વિગત</u>:–**

વાદી સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડી તાલુકાના મોટા ટીંબલા મુકામે રહે છે તેમજ દરજીકામ કરી તેમનું જીવનનિર્વાહ ચલાવે છે. આ કામના પ્રતિવાદી ગુજરાત રાજયમાં વિદ્યુત પુરવઠો પુરો પાડવાની મોનોપોલી ધરાવે છે. જેની સબ ડીવીઝનલ ઓફીસ લીંબડી મુકામે આવેલ છે. વાદી તા.૧૭/૬/૨૦૨૧ ના રોજ રાત્રીના ૮–૦૦ વાગ્યાના અરસામાં જમીને તેમના ગામ મોટા ટીંબલા ઘરની બહાર નીકળેલ અને ઘરની બહાર એક પી.જી.વી.સી.એલ.વીજ પોલનો થાંભલો તેમના ઘરથી થોડુ દુર હતો અને તેઓ થોડે દુર ઉભા હતા ત્યારે આ વીજ પોલનો થાંભલો વાદી ઉપર પડતા તેઓને માથાના ભાગે લોહી નીકળવા લાગેલ અને ડાબા પગે ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ તેમજ ડોકટરના મેડીકલ સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબની ઈજાઓ થયેલ

ઉપરોકત જણાવેલ અકસ્માત અંગે વાદીને લીંબડી સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે લીંબડી સરકારી હોસ્પિટલના ડોકટર સાહેબે સુરેન્દ્રનગર લઈ જવાનું કહેલ અને તેમના પિતાશ્રી વધુ સારવાર માટે ૧૦૮ બોલાવતા વાદીને સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પિટલમા સારવાર માટે લાવ્યા અને ત્યાંના ડોકટર સાહેબે તેમને તપાસી માથાના ભાગે પાટો બાંધી આપી તેમજ ખભાના ભાગે ત્રણ ટાંકા લીધેલ અને તેમના પગનો એકસ–રે પાડતા તેઓને ડાબા ભાગના સાથળમાં ફેકચર હોઈ તેનું ઓપરેશનનું કરાવવાનું જણાવતા તેમના પિતાશ્રી સુરેન્દ્રનગરમાં ડો. પરીમલ સાહેબની હોસ્પિટલમાં લાવેલ અને ત્યાં હોસ્પિટલમાં તેઓએ ફરીયાદનું જણાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે.જી. પરમાર, સુરેન્દ્રનગર સીટી પોલીસ સ્ટેશન વાળાને ડોકટર પરીમલ સાહેબની હોસ્પિટલમાં ફરીયાદ આપેલ અને ફરીયાદ લીંબડી પોલીસ સ્ટેશન સ્ટે. ડાયરી એન્ટ્રી નં. ૦૮/૨૦૨૧ થી તા. ૨૧/૦૬/૨૦૨૧ નારોજ

એન્ટ્રી થી નોંધ પડેલ તેમજ ઉપરોકત બનાવ અંગે તા. ૨૧/૬/૨૦૨૧ લીંબડી પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ સાહેબે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ. વાદી અકસ્માત સમયે ૨૫ વર્ષની ઉંમરના શરીરે સશકત, તંદુરસ્ત તેમજ મજબુત બાંધાના વ્યકિત હતા. તેમજ દરજીકામ કરીને માસીક રૂા.૫૦૦૦ થી ૭૦૦૦ ની આવક ધરાવતા હતા અને તેમનુ તથા તેમના કુટુંબનું જીવનનિર્વાહ ચલાવતા હતા. વાદીને અકસ્માત થતા તુરંત જ લીંબડી સરકારી હોસ્પિટલમાં ગયેલ અને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પિટલમાં લઈ ગયેલ અને ત્યાંથી પણ વધુ સારવાર માટે ડો.પરીમલ સાહેબની હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે તા ૧૮/૦૬/૨૦૨૧ ના રોજ દાખલ થઈ સારવાર લીધેલ અને તા.૨૧/૦૬/૨૦૨૧ ના રોજ ડાબા પગના સાથળમાં ઓપરેશન કરેલ. અને તા. ૨૨/૦૬/૨૦૨૧ ના રોજ રજા આપેલ. ઉપરોકત અકસ્માત ઈજાઓને કારણે વાદી પલોઠી વાળીને બેસી શકતા નથી તેમજ ઉભા થવામાં તેમજ હાલવા ચાલવામાં પણ તકલીફ પડે છે અને વાદી અકસ્માત બાદ ઘરકામ પણ કરી શકતા નથી તેમજ લાંબો સમય ઉભા રહી શકતા નથી કે ચાલી પણ શકતા નથી. અકસ્માત બાદ વાદીને પોતાની દૈનિક ક્રીયા જાતે કરવામાં પણ ઘણી તકલીફ પડે છે તેમજ વાદીને કાર્યક્ષમતામાં પણ મોટો ઘટાડો થયેલ છે તેમજ તેના કારણે વાદી મુજબી કામ પણ કરી શકતા નથી અને તેથી તે કારણ વાદીને આવકની નુકશાની પણ ભોગવવી પડેલ છે. વાદીને સારવાર દરમ્યાન ખુબ જ દુઃખ, પીડા ભોગવવી પડેલ છે તેમજ સારવાર દરમ્યાન સતત બે માણસોને દેખરેખ માટે રાખવા પડેલ છે અને જીંદગી પર્યન્તનો આનંદ ગુમાવવો પડેલ છે જેના વળતરની ઘણી મોટી રકમ વાદીને પ્રતિવાદી વસુલ આપવા જવાબદાર છે તેમ છતા વાદી પ્રતિવાદી પાસેથી વાદીને થયેલ ઈજાના વળતરના રૂા.૨,૫૦,૦૦૦/- વસુલ મેળવવા માંગણી કરે છે. વાદીને ઉપર જણાવ્યા મુજબ પ્રતિવાદીઓના અધિકારીઓની બેદરકારીભર્યા કૃત્યને કારણે તેમજ પ્રતિવાદીઓએ વીજ પોલ

વાળાથાંભલામાં ખામી / ક્ષતિનું જાળવણી નહિ કરવાના કારણે તેમજ લેવી જોઈતી કાળજી નહિ રાખવાના કારણે ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ છે અને તેથી વાદીને જીવનપર્યન્ત આવકની નુકશાની ભોગવવી પડેલ છે. વાદીને થયેલ ઈજાના વળતરના રૂા.૨,૫૦,૦૦૦/- વસુલ આપવા પ્રતિવાદી જવાબદાર હોવા છતા પ્રતિવાદીએ આજદિન સુધી કોઈ વળતરની રકમ વસુલ આપેલ નથી. તેથી આ દાવો કરવાની જરૂર પડેલ છે.

સબબ આ દાવો લાવી દાદ માંગેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદીને થયેલ ઈજાના વળતર ના રૂા. ૨,૫૦,૦૦૦/-દાવા તારીખથી ૧૮ ટકા વ્યાજ તેમજ ખર્ચ સહિત વાદીને વસુલ આપે તેવુ વાદીના લાભમાં પ્રતિવાદીઓ સામે હુકમનામુ કરી આપવા તથા આ દાવાને આનુષાંગિક જે કાંઈ દાદ આપી શકાય તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીને દાવાના સમન્સની બજવણી થતા પ્રતિવાદી તરફે આંક-૦૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમા તેઓએ દાવાની મહત્વની હકીકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદીનો દાવો વાસ્તવિક હકીકતોથી વિપરીત હકીકત રજુ કરી વાદી ઈજા પામનારની રેકર્ડ ઉપરની ભુલનો પુરાવો હોવા છતા તે હકીકત છુપાવી વાદીએ ગેરકાયદેસર હકીકત ઉભી કરી પ્રતિવાદી પાસેથી મોટી રકમનું વળતર મેળવવા માટે ખોટો દાવો તથા તેના સમર્થનમા ખોટા પુરાવાઓ ઉભા કરેલ છે. તેમજ સત્ય હકીકતને છુપાવી રાખી ખોટા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને ના.કોર્ટને ગેરમાર્ગે દોરી હાલનો ખોટો દાવો રજુ કરેલ છે. વાદીના કહેવાતા બનાવ બાબતે ના કોઈ ફોજદારી પેપર્સો, પોલીસ સ્ટેશનના પેપર્સો રજુ કરતા ન હોય અમો આવો બનાવ બન્યાનો ઈન્કાર કરીએ છીએ.

વાદીના દાવા અરજીના પેરા નં ૧ થી ૨ ના જવાબમાં જણાવવાનું કે, વાદી મોટા ટીંબલાના રહીશ હોય અને દરજી કામ કરીને જીવન નીર્વાહ ચલાવતા હોવા બાબતે કોઈ આધાર રજુ કરેલ ન હોય તેમજ વાદી કહેવાતા બનાવ બાબતે અમો પ્રતિવાદી વિદ્યુત

પુરવઠો પુરો પાડતા હોય મોનોપોલી ધરાવતા હોવાની વાત સર્વાશે ખરી નથી. અમો પ્રતિવાદી લીંબડી સબ ડીવીઝન ઓફીસના ડે.એન્જીનીયર છીએ. અમો પ્રતિવાદી બોડી કોર્પોરેઈટ છે. અને કંપની એકટના નીયમ અનુસાર લોકહીતાર્થે કામગીરી કરીએ છીએ. અને અમો વિદ્યુત શકિત ઉત્પન્ન કરી મોનોપોલી ધરાવતા હોવાની વાત ખરી નથી. વાદી ખોટી રીતે વળતર મેળવવા માટે મોનોપોલીની વાત કરી હાલનો દાવો કરેલ હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વાદીની દાવા અરજીના પેરા નં.૩ ના જવાબમાં જણાવવાનું કે, ગઈ તા. ૧૭/૬/૨૧ ના રોજ રાત્રીના ૮ વાગ્યાના સમયે વાદી તેમના ઘરની બહાર પી.જી.વી.સી.એલ ના થાંભલેથી થોડે દુર ઉભા હોય અને વીજ પોલ વાદી ઉપર પડતા લોહી નીકળી ડાબા પગે ફ્રેકચર થયાનું ખરુ નથી અને તે બાબતે ઈજાના કોઈ સર્ટી દાવા સાથે રજુ કરી અમોને તેની કોપી આપેલ ન હોય તથા પેરા નં.૪ ના જવાબમાં જણાવવાનું કે, ઉપરોકત અકસ્માત અંગે લીંબડી સરકારી હોસ્પીટલમા પ્રાથમિક સારવાર લઈને સુરેન્દ્રનગર વધુ સારવાર અર્થે અને સી.યુ.શાહ મેડીકલ કોલેજમા સારવાર કરાવેલ હોય તેના કોઈ પેપર્સો તથા માથામા પાટો બાંધ્યાના તથા ખંભે ટાંકા લીધાના કોઈ પેપર્સો દાવા સાથે રજુ રાખેલ ન હોય તથા ડાબા પગે સાથળના ભાગે ફ્રેકચર થયેલ હોય અને ડોકટરશ્રી પરીમલ સાહેબની હોસ્પીટલમાં તેઓને લઈ ગયેલ હોવા બાબતે વાદી મહત્વના પુરાવા દાવા સાથે રજુ કરી અમોને તેની નકલ આપેલ ન હોય તેમજ સુરેન્દ્રનગર સીટી પોલીસ સ્ટેશનમા પોલીસ હેડ કોન્સ્ટેબલ શ્રી કે.જી.પરમાર રૂબરૂ ફરીયાદ આપેલ હોય તેવું બનેલ નથી. આ કામના વાદીએ લીંબડી પોલીસ સ્ટેશને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૮/૨૧ થી નોંધ પડાવેલ હોય તેમજ બનાવની જગ્યાનું પંચનામુ કરાવેલ હોય તેવું બનેલ નથી. વાદી ખોટી રીતે વીજ ચોરી કરતા થાંભલા ઉપર ચડેલ અને ઈજા થવાની ખરી હકીકત છુપાવી અમારી ગેરહાજરીમા લીંબડી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી એક તરફી બનાવની જગ્યાનું પંચનામુ કરેલ હોય તો તે પંચનામુ કે કોઈ કાગળો અમોને બંધનકર્તા ન હોય વાદીનો

દાવો ખોટો હોય તેમજ ખોટો દાવો કરવા માટે ખોટા પેપર્સો ઉભા કર્યાનું રેકર્ડ ઉપર પ્રાથમિક રીતે સાબીત થતુ હોય તેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વાદીની દાવા અરજીના પેરા નં.૫ ના જવાબમાં જણાવવાનું કે, વાદી ૨૫ વર્ષની ઉમરના શશકત, તંદુરસ્ત હોવા બાબતે ઉંમરનો દાખલો કે દરજીકામ કરતા હોવાનો કોઈ લેખીત આધાર રજુ કરેલ ન હોય તેમજ દરજીકામ કરી પાંચ થી સાત હજાર ની આવક ધરાવતા હોવાનો કોઈ હીસાબ કે લેખીત આધાર રજુ કરતા ન હોય વાદીની પાંચ થી સાત હજાર ની કમાણી ધરાવતા હોવાની હકીકત માનવા લાયક નથી. વાદીએ ખોટી રીતે સાદી ઈજાના કામમા મોટી રકમનું વળતર મેળવવા ખોટી આવક દર્શાવી ગામડાની દરજીની આવક દર્શાવી ખોટી રીતે દાવો કરેલ છે તેમજ પેરા નં.૬ ના જવાબમાં જણાવવાનું કે, વાદીને સરકારી હોસ્પીટલ લીંબડી થી સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડીકલ હોસ્પીટલમા લઈ ગયેલ અને ત્યાંથી પરીમલ સાહેબના દવાખાને તા. ૧૭/૬/૨૧ થી તા.૧૮/૬/૨૧ સુધી અંદરના દર્દી તરીકે એક દિવસ રાખેલ હોવા બાબતે કોઈ ડોકટરી સર્ટી કે તા.૨૧/૬/૨૧ ના રોજ રજા આપેલ હોવાનું કોઈ મેડીકલ સર્ટી રજુ થતુ ન હોય વાદીની આવી લાંબી સારવાર તા.૧૭/૬/૨૧ થી તા.૨૨/૬/૨૧ સુધીની ચાલેલ હોવાની વાત ખરી નથી. પેરા નં.૭ ના જવાબમાં જણાવવાનું કે, સદરહું અકસ્માતના કારણે વાદી પલાઠી વાળીને નહી બેશી શકતા હોવાનું, તથા હાલવા ચાલવામા મુશ્કેલી પડતી હોવાની વાત સાથે અમો સંમત થતા નથી. કયુ ઓપરેશન કરાવી તેના કાગળો રજુ કર્યા વગર વાદીની વાત માનવા લાયક નથી. વાદી અકસ્માતના કારણે કયુ ઘરકામ કરી શકતા નથી. તે સ્પસ્ટ કરતા નથી. વાદી દરજીકામ કરતા હોય તો ઉભા રહેવાનું અને ચાલી શકવાનું હોતુ જ નથી. વાદી દૈનિક ક્રિયા જાતે કરી શકતા ન હોવાની વાત બને નહી, વાદીની કાર્યકક્ષમતામા ઘટાડો થયાની વાત, વાદીની નુકશાનીની વાત, દુખ, પીડા ભોગવવી પડેલ હોવાની વાત હડહડતુ જુઠાણુ છે. તેમજ સદર ઈજાના કારણે તેઓને દેખ રેખ માટે

બે માણસો રાખવા પડેલ હોવાની વાત માની શકાય તેમ નથી. તેમજ જીંદગી ભરનો આનંદ પગના ફ્રેકચરમા માની શકાય નહી. વાદી જણાવે છે તે રીતે વાદીના ખુદની બેદરકારીના બનાવ મા રૂા.૨,૫૦,૦૦૦/- નું વળતર અમારે ચુકવવાની જવાબદારી હોવાની વાત ખરી નથી.

પેરા નં.૮ ના જવાબમાં જણાવવાનું કે, ખરી હકીકતે આ કામના વાદીએ તોકતે વાવાઝોડા દરમ્યાન વધારે પવન અને વરસાદના કારણે તા.૧૭/૬/૨૧ ના રોજ વાદી હસમુખભાઈ મોટાટીંબલા મુકામે સહદેવસિંહ નવુભાની સસ્તા અનાજની દુકાન પાસે તેમનું ઘર આવેલ છે તે બાજુ આવેલ શેરીમા અમો પ્રતિવાદી કંપનીનો વીજપોલ સીમન્ટનો આવેલ છે. વાદી અમો પ્રતિવાદી કંપનીના ગ્રાહક ન હોવાથી મીટર ધરાવતા ન હોય પોતાના ઘરની ઈલેકટ્રીકનું લંગર ચડાવવા/ઉતારવા ચડેલ હોય અને આ દરમ્યાન પવન અને વરસાદના કારણે પોલ ભાંગેલ હોય, વાદી પોલ ઉપર લંગર ચડાવવા ચડેલ હોય અને તેઓને પોલ ઉપરથી પડવાના કારણે બનાવ બનેલ હોય તેવી હકીકત અમો પ્રતિવાદીની તપાસ દરમ્યાન નાયબ ઈજનેરશ્રીને જાણવા મળેલ. વાદી પોતાની ભુલના કારણે બનાવ બનેલ હોય પોતાની ચોરી છુપાવવા સબબ બનાવ બન્યા બાદ અમો પ્રતિવાદી વીજ કંપનીને જાણ પણ કરેલ નહી પરંતુ ગઈ તા.૨૭/૧૦/૨૧ ના રોજ પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એસ.સરવૈયાનો અમારા ઉપર પત્ર આવતા અમોને તપાસ દરમ્યાન અમોને જાણવા મળેલ છે કે, વાદી ગેરકાયદેસર લંગર ચડાવવા/ઉતારવા વીજ પોલ ઉપરથી વાવાજોડાના પવનમા પડતા વીજપોલ તોકતે વાવાઝોડા બાદ પવન વરસાદના કારણે ભાંગેલ અને આ પોલ ઉપરથી હળવા દબાણની વીજ લાઈન પસાર થતી હોય ત્યાં લંગર ચડાવવા/ઉતારવા ચડેલાનું રેકર્ડ ઉપર સ્પસ્ટ સાબીત થયેલ છે. અને વાદી સામે અમો વીજ કંપની ચોરીની ફરીયાદ કરીએ નહી તે માટે પોતાની ચોરી છુપાવવા અમોને બનાવની જાણ કરેલ નહી અને બનાવની જાણ તા.૨૭/૧૦/૨૧ ના પત્રથી થયેલ છે. જે પત્ર આ

કામે માર્ક ૧ થી રજુ છે તથા પ્રતિવાદી કંપનીના ડે.એન્જીનીયરે પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એસ.સરવૈયાને આપેલ અભીપ્રાય માર્ક ૨ થી રજુ છે.

આ કામના વાદીએ ખુદે પોતાની બેદરકારી છુપાવવા સબબ પોલ ઉપર ચડેલ અને પોલ હવાના મારાના કારણે વાવાઝુડાના કારણે બનાવ બનેલ છે. આ બનાવમા અમો પ્રતિવાદીના અધિકારીની કોઈજ બેદરકારી નથી. વીજ પોલ વાળો થાંભલો ક્ષતિ, ખામી યુકત, હોવા ની વાત હડહડતુ જુઠાણુ છે. વાદીએ પોતે ગંભીર પ્રકારની બેદરકારી પોતાની ચોરી છુપાવવા લેવી જોઈતી કાળજી ન રાખી પોતાના કારણે ઈજા થયેલ હોય તો તેમા અમો પ્રતિવાદીની જવાબદારી થતી નથી. વાદીની ખુદની બેદરકારી અને બેકાળજી ભર્યા વર્તનને કારણે ગેરકાયદેસર પ્રવૃતિથી વાદીને ઈજા થયેલ તેમા વળતર ચુકવવાની અમારી કોઈ જવાબદારી થતી નથી. વાદીની જીવન પર્યંતની આવકની નુકશાની ભોગવવી પડેલ હોવાની વાત ખોટી રીતે વાદી ઉભી કરે છે. તેથી પણ વાદીન દાવો રદ થવાને પાત્ર છે. વાદીને વળતર ચુકવવાની અમારી જવાબદારી થતી નથી. તેથી તેમને વળતરની રકમ વસુલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય તેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વાદીની દાવા અરજીના પેરા નં. ૯ અ,બ, ના જવાબમાં જણાવવાનું કે, વાદી રૂા.૨,૫૦,૦૦૦/- કે કોઈ રકમ અમો પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર ન હોય, ગેરકાયદેસર પ્રવૃતિ વાદી કરતા હોય તેઓને ઈજા થયાનું રેકર્ડ ઉપર સાબીત થતુ હોય વાદી કોઈ રકમ મેળવવા હકક નથી પેરા નં.૧૦ ના જવાબમાં જણાવવાનું કે, દાવાનું કારણ તા.૧૭/૬/૨૧ ના રોજ લીંબડી તાલુકાન મોટા ટીંબલા ગામે ઈલે.થાંભલો તુટી જઈ વાદી ઉપર પડવાથી વાદીને અકસ્માત થી ઈજા થયાની વાત મુદલ ખોટી હોય વાદીએ વળતર મેળવવા બનાવની હકીકત છુપાવેલ હોય પ્રતિવાદી કંપનીને જાણ વગર સદહું પોલીસ સાથે મળી જઈ પંચનામા અને કાગળો તૈયાર કરાવેલ હોય તો તે અમોને બંધનકર્તા ન હોય

તા.૧૭/૬/૨૧ નું કારણ ઉપસ્થિત થયાની વાત ખરી નથી. વાદીનો દાવો મુદત બહારનો છે. વાદીને ખોટી રીતે દાવો લાવેલ હોય ના.કોર્ટની હકુમતનો દાવો ચાલી શકે તેમ નથી. પેરા નં.૧૧ ના જવાબમાં જણાવવાનું કે, વાદી એક બાજુ પોતે માસીક ૫ થી ૭ હજાર કમાતા હોવાની વાદીની વાત પેરા નં.૫ મા જણાવે છે. અને રૂા.૮૯૫૦/-કોર્ટ ફી ભરી શકવા અસમર્થ હોવા બાબતે નાદારી અરજી કરતા હોય તેથી વાદીની આવક અને બનાવ બાબતે શંકા ઉભી થતી હોય વાદી શા કારણે ખોટુ બોલી પ્રતિવાદી કંપની પાસે મોટી રકમ વસુલ મેળવવા હાલનો ખોટો દાવો કરેલ હોય તેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. વાદીના દાવાને અપુરતી કોર્ટફી નો આંક બાંધી ખોટી રીતે દાવો કરેલ હોય તેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

ઉપરના તમામ સંજોગોને ધ્યાનમા લઈને તથા અમારા જવાબની હકીકતને લક્ષમા લઈને વાદી નો દાવો ખર્ચ સહિત રદ કરવા અને અમોને દાખલા પડતુ ખર્ચ અપાવવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે તેમજ ન્યાઈ ઈકવીટી અને ગુડ કોન્સીયન્સના ધોરણે અમો પ્રતિવાદી બીજી જે કાંઈ દાદ મેળવવા હકકદાર હોઈએ તે તમામ દાદ અપાવવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩). પક્ષકારો તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

(એ). આ કામે વાદી તરફે સદરહુ દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-: વાદીઓ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :-**

| ક્રમ નં. | આંક | સાક્ષીની વિગત | નામ |
|---|---|---|---|
| ૧ | ૧૩ | વાદી | હસમુખભાઈ ગંગારામભાઈ બોળીયાનો સોગંદ પરનો પુરાવો |
| ૨ | ૨૯ | સાહેદ | ગંગારામભાઈ સાગરભાઈ બોળીયાનુ પુરાવાનુ સોગંદનામુ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૩૨ | સાહેદ | ડો.પરીમલ મનહરલાલ દોશીનો મૌખિક પુરાવો |

**-: વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી– પુરાવો :-**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનુ વર્ણન. |
|---|---|---|
| ૧ | ૨૦ | જાણવાજોગ ફરિયાદ |
| ૨ | ૨૧ | વાદીએ ડો. પરીમલ સાહેબની હોસ્પીટલમાં આપેલ ફરિયાદ |
| ૩. | ૨૨ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૪ | ૨૩ | વાદીએ સારવાર લીધેલ તેનું સર્ટીફીકેટ |
| ૫ | ૨૪ | અરજદાર/વાદીના આવકનો દાખલો ગ્રામપંચાયત કચેરી, ગામ – મોટા ટીંબલા |
| ૬ | ૨૫ | વાદીના આધાર કાર્ડની નકલ |
| ૭ | ૨૮ | વાદીની કાયમી ખોડનું અસલ ડીસીબીલીટી સર્ટી. |
| ૮ | ૩૩ | વાદીની સારવારના મેડીકલ તથા ડોકટરી બીલો |

પ્રસ્તુત કામમા આંક–૩૪ થી વાદીએ પોતાને વિશેષ પુરાવો રજુ કરવો ન હોય તે મતલબની પુરશીશ આપેલ છે.

(બી) **-: પ્રતિવાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :-**

| ક્રમ નં. | આંક | સાક્ષીની વિગત | નામ |
|---|---|---|---|
| ૧ | ૩૫ | પ્રતિવાદી | હિતેષકુમાર મુળજીભાઈ સુતરીયાનો સોગંદ પરનો પુરાવો |

**-: પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૩૮ | પોલીસ હે.કો. ડી.એલ.સરવૈયાનો પત્ર |
| ૨ | ૩૯ | પો.હે.કો. ડી.એલ.સરવૈયાને મોકલાવેલ અભિપ્રાય |

પ્રસ્તુત કામમા આંક–૪૦ થી પ્રતિવાદીએ પોતાને વિશેષ પુરાવો રજુ કરવો ન હોય તે મતલબની પુરશીશ આપેલ છે.

(૪) પક્ષકારો વચ્ચે ઉત્પન્ન થયેલ તકરારના ન્યાયિક નિર્ણય માટે સદરહુ દાવાના કામે અત્રેની અદાલત ધ્વારા આંક–૧૦ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલ છે

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીમાં જણાવેલ રકમ પ્રતિવાદીની કસુરને કારણે કાયદેસરની લેણી રકમ પ્રતિવાદી પાસે બાકી પડે છે અને તે પ્રતિવાદી પાસે વસુલ મેળવવા હકકદાર છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે?

(૩) શુ વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું. ?

(૫) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**(૬) પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.**

(૬.૧) વાદી તરફે વિ.વ.શ્રી આર.એસ.જીતીયા ધ્વારા આંક–૪૨થી વાદીના પ્લીડીંગ્સ તથા દસ્તાવેજી પુરાવાને સમર્થનકારક રજુઆત કરેલ છે. વાદીના વિ.વ.શ્રી ની દલીલનો હાર્દ ધ્યાને લેતા, પી.જી.વી.સી.એલ.નો વીજપોલનો થાંભલો વાદી ઉપર પડતા વાદીને માથાના ભાગે લોહી નીકળવા લાગેલ તેમજ ડાબા પગે ગંભીર ઈજા અને ફેકચર થયેલ અને તેથી વાદીની પ્રાથમિક સારવાર લીંબડી

હોસ્પીટલમાં અને વધુ સારવાર સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પીટલમાં લીધેલ. ડાબા પગના સાથળના ભાગે ફેક્ચર થયેલ હોય ડો. પરીમલ હોસ્પીટલમાં તા. ૧૯.૬.૨૧ના રોજ ઓપરેશન કરેલ. પરીમલ હોસ્પીટલમાં દાખલ હતા ત્યારે સુરેન્દ્રનગર સીટી પો.સ્ટે.માં જાણવા જોગ ફરિયાદ આપેલ. જે આંક–૨૦થી રજૂ થયેલ છે. તથા પરીમલ હોસ્પીટલે તપાસ અધિકારીએ વાદીની ફરિયાદ લીધેલ જે આંક–૨૧થી રજૂ છે તથા આંક–૨૨ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૩ તથા ૩૩ થી મેડીકલ બીલો રજૂ રાખી કુલ રૂ. ૭૦,૦૬૪/–ના બીલો રજૂ રાખેલ છે. વાદીએ આંક–૨૮થી ડો.યોગેન્દ્રસિંહ ડી સોલંકી – ઓર્થોપેડીક સર્જનનું કાયમી ખોડનું સર્ટી રજૂ કરેલ છે. વાદીના પિતા તેમને સારવાર માટે લઈ ગયેલા છે અને સારવાર દરમિયાન હોસ્પીટલમાં રોકાયેલ છે તેઓએ હાજર રહીને બનાવવાળી જગ્યા બતાવેલ છે. વાદી પલોઠી વાળીને બેસી શકતા નથી, તેમજ હાલવા ચાલવામાં ખુબ જ તકલીફ પડે છે. આંક–૩૫ના પ્રતિવાદી/સાહેદ તેમની ઉ.ત.માં એવુ જણાવે છે કે, તે વાત ખરી છે કે, બનાવની જાણ તાત્કાલીક પોલીસને કરેલ હોય તેવુ બનેલ નથી અને એ વાત ખરી છે કે, અમારી કંપની ધ્વારા પંચનામું કરેલ હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજ દાવાના કામે રજૂ કરેલ નથી. આ કામમા પ્રતિવાદીઓ ધ્વારા લીંબડી પોલીસ સ્ટેશન જાણવા જોગ એન્ટ્રી નં.– ૮/૨૦૦૧ મુજબ મોટા ટીંબલા ગામમા પી.જી.વી.સી.એલનો વિજ પોલ ભાંગી તુટી પડવાના કારણે બનાવ બનેલની માહીતી આપવા અંગેનો લેટર તા. ૨૭/૧૦/૨૦૨૧ના રોજનો રજુ કરેલ છે જે લેટરને આક :–૩૮ આપવામા આવેલ છે જે બનાવ તારીખથી આશરે પાંચ માસ પછી આપવામા આવેલ છે તેમજ પ્રતિવાદી નં – ૧ ધ્વારા તપાસ કરનાર અધિકારીને જે અભીપ્રાય આપવામા આવે છે તે અભિપ્રાય તા. ૧૮/૧૧/૨૦૨૧ ના રોજનો

રજુ કરેલ છે જેને આક :–૩૯ આપવામા આવેલ છે જે અભીપ્રાય બનાવ તારીખ થી આશરે છ માસ બાદ આપવામા આવેલ છે. પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ લેખિત જવાબ ઉપજાવી કાઢેલ છે અને સાચી હકીકત જણાવેલ નથી. વાદીની હાલની ઉંમર જોતા વાદીના જન્મ અંગેનો આધાર આ કામમાં આંક–૨૫થી વાદીના આધારકાર્ડની નકલ રજૂ રાખેલ છે. આ કામના પ્રતિવાદીઓની ગંભીર બેદરકારીના કારણે તથા વીજપોલવાળા થાંભલામાં ખામી/ક્ષતીની જાળવણી નહી કરવાના કારણે વાદીને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ છે. વાદીને વળતર પેટે રૂ. ૨,૫૦,૦૦૦/– (બે લાખ પચાસ હજાર પુરા) ૧૮ ટકાના વ્યાજે પ્રતિવાદી પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૬.૨) પ્રતિવાદીના વિ.વ.શ્રીની દલીલનો હાર્દ ધ્યાને લેતા, આંક – ૧૩માં બનાવ તા.૧૭.૬.૨૦૨૧ જણાવેલ છે જયારે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી ૨૧.૬.૨૦૨૧ જણાવેલ છે. વાદીએ ફરિયાદ મોડી કરેલ છે, વાદીને લંગર ચડાવવા જતા ઈજા થયેલ છે. વાદી તેમની ઉ.ત.માં કયારેક શેરીમાં ઉભો હતો અને અકસ્માત બનેલાનું જણાવે છે અને કયારેક થાંભલો અચાનક તુટીને તેમના ઘર પર પડતા અકસ્માત બનેલાનું જણાવે છે. આંક–૨૨નું પંચનામું ગલીનું છે ત્યાં થાંભલો ટુટેલ જણાવેલ નથી પણ થાંભલો ટુટતા અકસ્માતનું જણાવે છે. સદર પંચનામું તેમના પિતાએ કરાવેલ છે તેમજ પંચો તેમના સગા હોવાનું કબુલે છે તેમ છતા પંચનામું પણ વાદીની દાવા હકીકતથી અલગ છે. થાંભલો ઘર પર પડતા ઘર ટુટતા ઈજા થયેલાનું જણાવે છે જે ઘરનું પંચનામું કરાવેલ નથી. આંક–૨૨થી રજૂ થયેલ પંચનામામાં ઘર ટુટયાનું વર્ણન નથી. પંચનામું પણ થાંભલો ઉભેલ બતાવે છે. ઈનકન્સિસ્ટન્ટ બનાવ જણાવે છે. હાલનો દાવો મુદ્દત બહારનો છે, વળતરનો દાવો છ માસમાં કરવો જોઈએ. વીજ

જોડાણમાં લંઘર મારવા જતા કરન્ટ લાગતા અકસ્માત બનેલ છે. ડો. પરીમલ દોશી આંક–૩૨ની જુબાનીમાં ઉચા સ્થળ પરથી પડે તો સદર ઈજા થઈ શકે તેવુ જણાવે છે તેમજ ડો.યોગેન્દ્રસિંહ સોલંકી આંક–૨૫ના ડિસએબિલિટી સર્ટીની હીસ્ટ્રીમાં વાહન અકસ્માતમાં ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. આમ પ્રતિવાદીનો પુરાવો ધ્યાને લઈ વાદીનો દાવો નામંજુર કરવા વિનંતી કરેલ છે.

## (૭) પક્ષકારોના પુરાવાની ચર્ચા ::–

(૭.૧) આ કામે વાદી હસમુખભાઈ ગંગારામભાઈ બોળીયાનુ આંક–૧૩ થી સોગંદ પરનુ સોગંદનામુ રજુ થયેલ છે, જે સરતપાસ તેમના પ્લીડીગ્સને સમર્થનકારક હોય પુનરાવર્તન ટાળવાના ઉદ્દેશથી તેની કોઈ ચર્ચા હાથ ધરેલ નથી.

પ્રતિવાદી તરફે ઉલટતપાસમા સદરહું સાહેદ

એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " હું ધોરણ–૧૦ ભણેલ છું. બનાવ સમયે હું મારા ઘરની બાજુમાં બહાર શેરીમાં ઉભો હતો. બનાવ તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ બનેલો. એ વાત ખરી છે કે મારા ઘરમાં વિજજોડાણ નથી. એ વાત ખરી છે કે વિજ જોડાણ નહી હોવા છતા મારા ઘરે લાઈટ, પંખો છે. હું દરજી કામ કરુ છું. હું દરજી કામ મારા ઘરે કરુ છું. એ વાત ખરી છે કે દરજી કામમાં ઈલેકટ્રીક સંચાની જરુર પડે છે. એ વાત ખરી છે કે ઈલેકટ્રીક સંચામાં મોટર છે. એ વાત ખરી નથી કે મારુ ઘર ગલીમાં આવેલ છે. એ વાત ખરી છે કે મારા ઘરની બહાર સસ્તા અનાજની દુકાન છે જે સહદેવસીંહ નવુભા રાણાની છે. એ વાત ખરી નથી કે બનાવ બાદ અમો ઈજા પામનારને લીંબડી દવાખાને લઈ ગયેલ નહી. અમો લીંબડી સરકારી દવાખાનામાં સારવાર માટે ગયેલા અને અમોએ તબીબને ઈજા અંગે કાંઈ જણાવેલ નહી. અમો લીંબડી દવાખાનામાં આશરે અડધો કલાક

સારવાર માટે રોકાયેલા. લીંબડી દવાખાનામાં મે અથવા સારવાર કરનાર તબીબે પોલીસને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. હું પરીમલ દવાખાનુ સુરેન્દ્રનગર મુકામે સારવારમાં હતો ત્યારે મે લેખીતમાં પોલીસને અરજી કરેલી. મે અરજી બનાવ બાદ આશરે ૬–૭ દિવસ બાદ કરેલી. એ વાત ખરી છે કે થાંભલો સસ્તા અનાજની દુકાન પાસે બાજુ આવેલ ગલીમાં આવેલો છે. સદર થાંભલો જુનો હતો. એ વાત ખરી છે કે થાંભલો નવો બદલાવેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી નથી કે બનાવ સમયે રસ્તામાં અજવાળું હતુ અને લાઈટો ચાલુ હતી. એ વાત ખરી નથી કે મારા ઘરે લાઈટ ન હોય મે બહાર આવી જોયેલુ. એ વાત ખરી છે કે બનાવ સમયે વરસાદ ચાલુ હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ધીમો ધીકો વરસાદ હતો. એ વાત ખરી છે કે હું વરસાદમાં બહાર ઉભો હતો. મને આંક–૨૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, તે મે પોલીસમાં ફરીયાદ આપેલ તે જ છે. એ વાત ખરી છે કે મે મારી સદર ફરીયાદમાં જણાવેલ છે કે, હું મારા ઘર પાસે પીજીવીસીએલનો થાંભલો અચાનક તુટીને મારા ઘર પડતા મને માથાના ભાગે તથા ખભાના ભાગે સામાન્ય ઈજા થયેલ તેમજ ડાબા પગમાં સાથળના ભાગમાં પણ વાગેલ.

મને આંક–૨૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તે પોલીસે બનાવ સ્થળનું પંચનામુ કરેલ તે જ છે. એ વાત ખરી છે કે સદર પંચનામામાં પંચ પટેલ નટુભાઈ તથા પંચ નં.ર શંકરભાઈ મારા ગામના છે. એ વાત ખરી છે કે તેઓ સાથે મારે સારા સંબંધ છે. ગંગારામ સાગરભાઈ મારા પીતા છે. એ વાત ખરી છે કે પંચનામા સમયે મારા પિતા સ્થળ ઉપર હાજર હતા અને તેઓએ જગ્યા બતાવેલી. એ વાત ખરી નથી કે પંચનામામાં બનાવ સ્થળનું વર્ણન અલગ અલગ જગ્યાએ આપેલ છે અને તે વિરોધાભાષી છે. એ વાત ખરી છે કે સદર પંચનામામાં વિજ થાંભલો ઉભો હતો તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે સદર પંચનામામાં વિજપોલ અચાનક વરસાદી વાતાવરણના કારણે પવન ફુકાતા તેમજ વરસાદ પડેલ

હોવાથી જમીન ભીંજાયેલ હોવાથી વિજપોલ વરસાદી પવનના કારણે અચાનક તુટી જવાથી પડેલ હોય તેઓના મકાનને કરાની દિવાલ બહાર નીકળતા કાટ માળની મોભાનુ લાકડુ તેમજ આડીનુ લાકડી સાથે ભટકાવાથી મોભારા તથા આડીના લાકડા બહાર નીકળતા લાકડા ભાંગી તેમના દિકરા હસમુખ પર પડતા ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. પંચનામામાં જણાવેલ હકીકત ખરી છે કે કેમ તે હુ પંચનામા સમયે સ્થળ પર હાજર ન હોય મને તેની જાણ નથી. એ વાત ખરી છે કે મે ડો. પરીમલ એમ. દોશીને ત્યા સારવાર લીધેલી. એ વાત ખરી છે કે મે ડો.યોગેન્દ્ર સોલંકી પાસે કોઈ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે યોગેન્દ્ર સોલંકી પાસે હું સ્વેચ્છાએ ગયેલ. મને યોગેન્દ્ર સોલંકીએ બનાવ વિશે પુછેલ. મને માર્ક–૧૨/૧ થી ડો. યોગેન્દ્ર સોલંકીનુ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, તે મને યોગેન્દ્ર સોલંકીએ આપેલ તે જ છે. જેને રજુ. દા,આંક–૨૮ આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે મે યોગેન્દ્ર સોલંકીને વાહન અકસ્માતથી ઈજા થયેલાનું જણાવેલુ. એ વાત ખરી નથી કે મારા ઘરે વિજ કનેકશન ન હોય લંગર નાખવા ગે.કા. રીતે પ્રયત્ન કરતા અકસ્માત થયેલ. એ વાત ખરી નથી કે કોઈ થાંભલો પડેલ નહી. એ વાત ખરી નથી કે વળતર મેળવવા માટે ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે કોઈ વાવાઝોડુ આવેલ નહી કે વાવાઝોડાના કારણે કોઈ થાંભલો પડેલ નહી કે મને વિજ કરંટથી કોઈ અકસ્માત થયેલ નહી. એ વાત ખરી નથી કે ખોટો દાવો કરેલ છે.

એ વાત ખરી છે કે હું દરજી કામ કરતો હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો મે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હું ધંધો કરતા હોવાનો કોઈ રજીસ્ટર્ડ અથવા દસ્તાવેજી આધાર કે કમાણીનો હીસાબ દસ્તાવેજી સ્વરૂપે રાખતો નથી. એ વાત ખરી નથી કે હું વાર્ષીક રુપીયા ૩૬ હજાર કમાતો નથી. બનાવની આસપાસના લોકોને જાણ હતી નહી. સહદેવસીંહને બનાવની જાણ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી નથી કે મને થયેલ ઈજા બીજી રીતે થયેલ પરંતુ વીજ

અકસ્માતના કારણે થયેલ નહી. એ વાત ખરી નથી કે ખોટો દાવો કરેલ છે અને તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ."

(૭.૨) વાદી તરફે આંક–૨૯ થી વાદીના પિતા ગંગારામભાઈ સાગરભાઈ બોળીયાનુ સોગંદ પરનુ સોગંદનામુ રજુ થયેલ છે, જે સરતપાસ વાદીના પ્લીડીગ્સને સમર્થનકારક હોય પુનરાવર્તન ટાળવાના ઉદ્દેશથી તેની કોઈ ચર્ચા હાથ ધરેલ નથી.

આ સાહેદ ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે ," આ કામના અરજદાર મારા દિકરા થાય છે. મારે એક જ દિકરો છે. હું અને મારો દિકરો હસમુખ સાથે જ રહીએ છીએ. બનાવ સમયે હું મારા ઘરે હતો. હું ધોરણ–૧૨ સુધી ભણેલ છું. બનાવ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ બનેલો. એ વાત ખરી છે કે મારા ઘરમાં વિજજોડાણ નથી. એ વાત ખરી છે કે મારો દિકરો સીલાઈ કામની મજુરીનુ કામ કરે છે. એ વાત ખરી છે કે ઈલેકટ્રીક સંચામાં મોટર છે. એ વાત ખરી નથી કે મારો દિકરો માત્ર મારા ઘરે સીલાઈ મજુરીનુ કામ કરતો હતો. એ વાત ખરી નથી કે બનાવના રોજ વાવાઝોડુ આવેલુ. એ વાત ખરી નથી કે બનાવના રોજ લાઈટો જતી રહેલી. એ વાત ખરી નથી કે મારો દિકરો સીલાઈનુ કામ હોય સ્વેચ્છાએ થાંભલા ઉપર ચડેલો. બનાવવાળો થાંભલો જે દુકાન પાસે આવેલ છે તે દુકાન વાળાને હું ઓળખુ છું જેનુ નામ સહદેવભાઈ છે. એ વાત ખરી છે કે બનાવવાળો થાંભલો સહદેવભાઈની દુકાનથી નજીક આવેલ છે. એ વાત ખરી છે કે બનાવ સમયે મારા ઘરનુ લાકડુ અને છાપરાની પાખુ નીચે પડેલી. એ વાત ખરી નથી કે મારા ઘરનુ લાકડુ મારા દિકરાને વાગેલું. એ વાત ખરી નથી કે બનાવના રોજ વાવાઝોડુ આવેલ અને જેથી મારા ઘરનુ લાકડુ પડેલ તેમજ મારો દિકરો સીલાઈ કામનુ વીજ કનેકશન ગેરકાયદેસર રીતે ચાલુ કરવા થાંભલા પર ચડેલ જેથી અકસ્માત થયેલ અને મારા દિકરાને વાગેલ. બનાવ બાદ આશરે વીસેક મીનીટ પછી અમો અમારા દિકરાને દવાખાને લઈ ગયેલા. એ વાત ખરી છે કે પ્રથમ અમો લીંબડી દવાખાનામાં સારવાર માટે લઈ

ગયેલ અને ત્યાર બાદ સુરેન્દ્રનગર દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલ. એ વાત ખરી છે કે દવાખાનામાં જતા અગાઉ અમોએ પીજીવીસીએલને બનાવની જાણ કરેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે મે પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નહી. સુરેન્દ્રનગરમાં મારા દિકરાને સી.યુ.શાહ ટી.બી.હોસ્પીટલમાં લઈ ગયેલા. સી.યુ.શાહ હોસ્પીટલમાંથી વધુ સારવાર માટે ડો.પરીમલ, સુરેન્દ્નનગર ના દવાખાને લઈ ગયેલ. ત્યાર બાદ કોઈ દવાખાનામાં સારવાર લીધેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી નથી કે મે દવાખાનામાં કે અન્ય કોઈ સ્થળે મારા દિકરાને થાંભલાથી અકસ્માત થયેલ હોય તેવી હકીકત જણાવેલ નહી. ડો.પરીમલના દવાખાને પોલીસ પુછપરછ માટે આવેલી. બનાવ બાદ આશરે ૨ દિવસ બાદ પરીમલ દવાખાનામાં પોલીસ જવાબ લેવા માટે આવેલી. બનાવ સ્થળનું પંચનામુ કરવા પોલીસ બનાવ બાદ આશરે ૪-૫ દિવસ બાદ આવેલી. મે બનાવના કોઈ ફોટા પાડયા હોય તેવુ બનેલ નથી. બનાવના રોજ સહદેવસીંહ રાત્રીનો સમય હોય દુકાનમાં હાજર હતા નહી. મારુ મકાન મારા પિતાના નામે ચાલે છે. મારા મકાનનો વેરા વગેરેનો આધાર પુરાવો મારી પાસે છે. હું ડો.યોગેન્દ્રસિંહ ડોકટર પાસે મારા દિકરાને લઈને સારવાર માટે ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મારા દિકરાએ ખોટો દાવો કરેલ છે અને તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છું."

(૭.૩) વાદી તરફે આંક-૩૨ થી સાહેદ ડો. પરીમલ મનહરલાલ દોશીને સોગંદ પર તપાસવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, "મને કોર્ટનો સમન્સ આવતા હું આજ રોજ નામ.કોર્ટમાં જુબાની આપવા હાજર થયેલ છું. મે આ કામના વાદીને તા.૧૮/૬/૨૦૨૧ ના રોજ મારે ત્યા સારવાર માટે દાખલ થયેલ જેને પુછતા જણાવેલ કે, "તા.૧૭/૬/૨૦૨૧ ના રોજ ઈલેકટ્રીક થાંભલો તેના પર પડતા તેને ડાબા થાપામાં ઈજા થયેલ હતી. જેના માટે પ્રાથમીક સારવાર તેણે મેડીકલ કોલેજમાં લઈ તા.૧૮/૬/૨૦૨૧ ના રોજ મારે ત્યા દાખલ થયેલ. એક્ષ-રે લેતા જણાયેલ કે, તેને ડાબા થાપાના

સાંધામાં ગોળાનું ફ્રેકચર થયેલ છે. જેના માટે તા.૨૧/૬/૨૦૨૧ ના રોજ ઓપરેશન કરેલ અને તા.૨૨/૬/૨૦૨૧ ના રોજ તેને રજા આપવામાં આવેલ. આ ગંભીર પ્રકારની ઈજા હતી. આ અંગેનું સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં આપેલ છે, જેમા મારી સહી છે, જે આ કામમાં આંક–૨૩ થી રજુ થયેલ છે તે જ છે. જેમા ભરેલી વિગત મારા હસ્તાક્ષરમાં છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છું. મને આંક–૨૮ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, સદર દસ્તાવેજમાં દર્શાવેલ રીસીપ્ટ મારી હોસ્પીટલની છે અને તેમા દર્શાવેલ ખર્ચની રકમ મે ભરેલ છે અને તેમા મારા હસ્તાક્ષર છે જે દર્દીના ખર્ચ લગતનું બીલ છે. હું ડો. પરીમલ દોશીના નામથી ઓર્થોપેડીક હોસ્પીટલ ચલાવુ છુ. મારા હોસ્પીટલની નીચે અર્પણ મેડીકલ સ્ટોર આવેલ છે. મને માર્ક–૧૨/૨ દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, સદર દસ્તાવેજ કેસ ફી ની પહોંચ છે. જેને અનુક્રમે રજુ દા.આંક–૩૩ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે મારા દવાખાનામાંથી દર્દીને દવાનું પ્રિસ્ક્રીપ્શન આપવામાં આવે છે જે મેડીકલ સ્ટોરમાં દવા લેવા જાય ત્યારે ડોકટરનું નામ દવાના બીલમાં લખવામાં આવે છે. સદર બીલમાં ડોકટર તરીકે મારુ નામ દર્શાવેલ છે. સદર દસ્તાવેજ કેસ ફી ની પાવતી છે. સદર દસ્તાવેજ એક્ષ–રે કેસની પહોંચ છે. એ વાત ખરી છે કે મેડીકલ સ્ટોરમાંથી દર્દી દવા લાવે ત્યાર બાદ મને બતાવ્યા બાદ દર્દીને દવા આપવામાં આવે છે.

પ્રતિવાદી તરફે ઉલટતપાસમા સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, "દર્દી મારે ત્યા સારવાર માટે સી.યુ.શાહ હોસ્પીટલમાંથી સારવાર લીધા બાદ આવેલ. એ વાત ખરી નથી કે દર્દીએ બનાવના ઈતીહાસમાં તેઓને ઈલેકટ્રીક થાંભલા ઉપર પડી જવાથી ઈજા થયેલાનું જણાવેલ. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ઉંચા સ્થળ પરથી પડે તો સદર પ્રકારની ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે દર્દી મારી પાસે આવેલ ત્યારે દર્દી સંપુર્ણ ભાનમાં હતોઅને દર્દીના સગા વહાલાએ બનાવની જાણ કરેલી. એ વાત ખરી છે કે દર્દી

મારા દવાખાનામાં ૫ દિવસ સુધી અંદર ના દર્દી તરીકે સારવાર લીધેલી. એ વાત ખરી છે કે દર્દીની મે ઓપરેશન કરીને સારવાર કરેલી. એ વાત ખરી નથી કે મે મારા સારવાર સર્ટીફીકેટમાં દર્દીને કયા પ્રકારનું ફ્રેકચર હતુ તે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે માં કાર્ડ જો દર્દી પાસે હોત તો મારા દવાખાનામાં તેને ફ્રી ઓફ કોસ્ટ સારવાર મળી શકેત. એ વાત ખરી છે કે દર્દીને જણાવેલ ઈજા વાહન અકસ્માતથી પણ થઈ શકે તેવી ઈજા હતી. એ વાત ખરી નથી કે મે જણાવેલ ચાર્જ લક્ઝુરીયશ ચાર્જ છે. એ વાત ખરી નથી મે આ કામના વાદી પાસેથી મોટી રકમ ચાર્જ કરી તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે મે દર્દીને દવાખાનામાંથી મુકતી આપેલ ત્યારે તે સંપુર્ણ સાજો થઈ ગયેલ. જો બીજી કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો મારા અભીપ્રાય મુજબ દર્દી સંપુર્ણ સાજો થતા ૩ માસ જેટલો સમય લાગી શકે તેમ હતુ. એ વાત ખરી છે કે દર્દીને મુકત કર્યા બાદ ૩ માસ પછી મે તેની કોઈ સારવાર કરેલ હોય કે તપાસેલ હોય તેવુ બનેલ નથી. મારી સારવાર બાદ મારા અભીપ્રાય મુજબ દર્દીને અન્ય કોઈ ખોડ રહી શકે નહી."

(૭.૪) આ કામે પ્રતિવાદીનુ આંક–૩૫ થી સોગંદ પરનુ સોગંદનામુ રજુ થયેલ છે, જે સરતપાસ તેમના પ્લીડીગ્સને સમર્થનકારક હોય પુનરાવર્તન ટાળવાના ઉદ્દેશથી તેની કોઈ ચર્ચા હાથ ધરેલ નથી.

વાદી તરફે ઉલટતપાસમા સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ," હું સને ૨૦૦૮ થી પી.જી.વી.સી.એલ.માં એન્જીનીયર તરીકે ફરજ બજાવુ છું. એ વાત ખરી છે કે મોટા ટીંબલા ગામ મારા કાર્યક્ષેત્રમાં આવે છે. મોટા ટીંબલા ગામમાં કેટલા વિજપોલ આવેલ છે તે હું હાલ કહી શકુ તેમ નથી. વીજપોલની જાળવણી અને કાર્યક્ષમતાનું કોઈ રજીસ્ટર રાખવામાં આવતુ નથી. બનાવ સ્થળ વાળા વિજપોલ નાખવામાં આવેલ ત્યારે સ્થળ પર મારી હાજરી હતી કે કેમ તે હું કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે બનાવ સ્થળ વાળો વિજપોલ કેટલા ઉંડા ખાડામાં રોપીને નાખેલ તેની મને જાણ

નથી. એ વાતની મને ખબર નથી કે વાવાઝોડુ આવવાનું હોય ત્યારે હવામાન ખાતા તરફથી જાહેરાત કરવામાં આવે છે કે કેમ. એ વાતની મને જાણ નથી કે બનાવના રોજ વાવાઝોડાની કોઈ જાહેરાત અમારી કંપની ધ્વારા કરવામાં આવેલ કે કેમ. એ વાતની મને જાણ નથી કે નિયમઅનુસાર વિજપોલ જમીનની અંદર ખાડો ખોદીને નાખેલ નહી હોય વિજપોલ પડતા અકસ્માત થયેલ કે કેમ. એ વાતની મને જાણ નથી કે વિજપોલ પુરતો ખાડો ખોદીને નાખેલ ન હોય વાવાઝોડામાં ટકી શકેલ નહી. એ વાત ખરી છે કે બનાવની જાણ તાત્કાલીક પોલીસને કરેલ હોય તેવુ બનેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમોને તેની જાણ તાત્કાલીક થયેલ નહી જેથી કરેલ નહી. એ વાત ખરી નથી કે પોલીસનો અભીપ્રાય મેળવવા માટે ઘણો બધો સમય અમારી કચેરીએ કાઢી નાખેલ. એ વાત ખરી નથી કે અમારી બેદરકારી હોવા છતા તે છુપાવવા માટે અમારા જવાબમાં જણાવેલ તમામ હકીકત તેમજ પુરાવામાં જણાવેલ તમામ હકીકત ખરી નથી. એ વાત ખરી નથી કે વાદી વીજચોરી કરવા માટે થાંભલા પર ચડેલા અને પડેલા તે ખોટુ જણાવેલ છે. એ વાત ખરી નથી કે બનાવ સ્થળનું પંચનામુ અમારી કંપનીના માણસ ધ્વારા કરવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે અમારી કંપની ધ્વારા પંચનામુ કરેલ હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજ દાવાના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે અકસ્માત અમારા કસુરના કારણે હોવા છતા વાદીને વળતરની રકમ ચુકવવી પડે નહી તે માટે ખોટી હકીકત જણાવુ છું."

<u>૮.</u> <u>**મુદ્દા નં.૧,૨,૩ ની ચર્ચા ::–**</u>

સદર દાવાનો પ્રકાર ધ્યાને લેવામાં આવે તો સદર દાવો જવાબદારી અપકૃત્ય માટે જવાબદારી હેઠળનો નુકશાની વળતરનો દાવો છે.

અપકૃત્ય હેઠળની જવાબદારીની પરીભાષા જોવામાં આવે તો જયારે કોઈ વ્યકિત કાયદેસર રીતે કોઈ કૃત્ય કરવા અથવા નુકશાન કરવા માટે જવાબદાર અધિકૃત વ્યકિત હોય અને તે મુજબનુ કૃત્ય

કરીને અથવા નહી કરીને સીવીલ રોંગ (અપકૃત્ય) કરીને કોઈ વ્યકિતને નુકશાન કે ઈજા પહોચાડેલ અને તે માટે જવાબદાર ઠરે તો તેવી ઈજા/નુકશાન પામનાર વ્યકિત નુકશાની / વળતર માટેનો દાવો કરી શકે છે.

સદર દાવાની હકીકત તથા માંગેલ દાદ ધ્યાને લેતા સદર દાવો અપકૃત્ય અને જવાબદાર ઠેરવી નુકશાની વળતર માટેનો દાવો છે જેમા પ્રતિવાદીની બેદરકારીના કારણે વાદીને થયેલ શારીરીક ઈજા/નુકશાન થયેલ હોવાનું જણાવી વળતર માટેનો દાવો કરવામાં આવેલ છે.

વાદીની દાવા હકીકત ધ્યાને લેવામાં આવે તો તા. ૧ ૭/૬/૨૦૨૧ના રોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામા વાદી જમીને તેના ગામ મોટા ટીંબલામાં ઘરની બહાર નીકળેલ અને ઘરની બહાર એક પી.જી.વી.સી.એલ.નો વીજ પોલનો થાંભલો વાદીના ઘરથી થોડે દૂર હતો જયા વાદી ઉભા હતા ત્યારે વીજપોલનો થાંભલો વાદી ઉપર પડતા વાદીને માથાના ભાગે ઈજા થયેલ અને ડાબા પગે ગંભીર ઈજા થયેલ જેથી વાદીએ પ્રથમ સરકારી હોસ્પીટલ લીં બડી મુકામે સારવાર કરાવેલી ત્યારબાદ વધુ સારવાર માટે સી.યુ.શાહ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પીટલમાં સારવાર લીધેલ ત્યારબાદ સુરેન્દ્ નગર મુકામે ડોકટર પરીમલ ઓર્થોપેડીક દવાખાનામાં સારવાર લેવી પડેલ જે બાબતની ફરિયાદ વાદીએ લીંબડી પોલીસ સ્ટેશનમાં તા. ૨૧ /૬/૨૦૨૧ના રોજ આપેલ. વધુમાં, વાદી પોતાની દાવા અરજીમાં અકસ્માત સમયે તેની ઉમર ૨૫ વર્ષની હોવાનું જણાવી અકસ્માત અગાઉ વાદી શરીરે શશકત તંદુરસ્ત તેમજ મજબૂત બાંધાના વ્યકતિ હતા અને દરજી કામ કરીને પ્રતિ માસ રૂ. ૫૦૦૦/- થી રૂ. ૭૦૦૦/-ની આવક ધરાવતા હતા અને ભવિષ્યમાં વધુ આવક

મેળવી શકવાની ક્ષમતા ધરાવતા હતા પરંતુ સદર અકસ્માતથી તેઓના ડાબા પગમાં ઓપરેશનના કારણે દરજી કામ કરી શકતા નથી અને આવકમાં મોટો ઘટાડો થયેલ હોવાનું જણાવે છે. વધુમા સદર કામના પ્રતિવાદીઓની ગંભીર બેદરકારીભર્યા કૃત્યના કારણે તેમજ પ્રતિવાદીઓએ વિજપોલવાળા થાંભલામાં ખામી/ક્ષતીની જાળવણી કરેલ નહી અને જોઈતી કાળજી રાખેલ નહીં જેના કારણે અકસ્માત બનેલ અને વાદીને ગંભીર પ્રકારની ઈજા થયેલ હોવાનું જણાવી વાદીને જીવનપર્યતની આવક નુકશાની ભોગવવી પડેલ હોવાની જણાવી ઈજા વળતરના રૂ. ૨,૫૦,૦૦૦/– વસુલ અપાવવા હાલની અરજી કરે છે તેમજ ઉપરોકત રકમ પ્રતિવાદી ચુકવે નહીં ત્યાં સુધી અરજી તારીખ થી ૧૮ ટકાના વ્યાજ લેખે પ્રતિવાદીએ વાદીને વળતર રૂપે ચુકવી આપે તેવી માંગણી સહીતનો દાવો કરેલ છે. પોતાના દાવા હકીકતના સમર્થનમાં વાદી પક્ષ ધ્વારા આંક–૨૦થી ઈ–ગુજકોપ ગૃહ વિભાગ ગુજરાત સરકારમાં ફરિયાદ કરેલ તેની પ્રિન્ટ કોપી, આંક–૨૧ થી ફરિયાદ અનુસંધાને નિવેદન, આંક–૨૨ થી પોલીસ ફરિયાદ અનુસંધાને સ્થળ સ્થિતિનું પંચનામું, આંક–૨૩થી ડોકટર પરીમલ એમ દોશી ઓર્થોપેડીક હોસ્પિટલ સુરેન્દ્રનગરનું મેડીકલ સર્ટીફીકેટ, આંક–૨૪થી તલાટી કમ મંત્રી મોટા ટીંબલા/ઘાઘોસર સંયુકત ગ્રામ પંચાયતનું આવકનું પ્રમાણપત્ર, આંક–૨૮થી ડોકટર યોગેન્દ્રસિંહ ડી. સોલંકી એમએસ ઓર્થો સુરેન્દ્રનગરનું વાદીનું ખોડખાપણનું સર્ટીફીકેટ, આંક–૩૩થી લીધેલ વિવિધ સારવારના બિલો રજૂ કરેલ છે.

પ્રતિવાદી ધ્વારા વાદીએ દવાખાનામાં લીધેલ સવારવાર સબંધી કોઈ ખંડન કરી પુરાવો રજૂ નથી તેમજ વાદીએ દવાખાનામાં સારવાર લીધેલ નહી તે મુજબનુ ખંડન નથી.

પ્રતિવાદી ધ્વારા મુખ્યત્વે વાદીને થયેલ ઈજા પ્રતિવાદીની બેદરકારીને કારણે વીજપોલ પડી જતા અને વાદીને ઈજા થયેલ નહી તેમજ વાદીની કસુરને કારણે એટલે કે, વાદી વીજ પોલી ઉપર ચડવા જતા અને વીજ ચોરી કરવા જતા પડી ગયેલ અને તેથી તેઓને ઈજા થયેલ હોવાની હકીકત સ્થાપિત કરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં, પ્રતિવાદી પક્ષ ધ્વારા વાદીના કસુરને કારણે વાદીના કથન મુજબ ઈજા થયેલ નહી અને જણાવ્યા મુજની કોઈ ખોડખાપણ તેઓને રહેલ નહી મુજબની હકીકત પ્રસ્થાપીત કરવાનો પ્રયત્ન કરેલ હોવાનુ પ્રતિવાદીએ રજૂ કરેલ આંક– ૩૫ રજૂ પુરાવો દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે.

દાવાના કામે રજૂ થયેલ ફરિયાદમાં જણાવેલ હકીકત ધ્યાને લ ેવામા આવે તો સદર બનાવ તા ૧૭/૬/૨૦૨૧ના રોજ રાત્રીના આઠ વાગ્યે બનેલ અને તેની પોલીસ ફરિયાદ તા. ૨૧/૬/૨૦૨૧ના રોજ વાદીએ કરેલ અને તે જ રોજ બનાવ સ્થળનું પંચનામું પોલીસ ધ્વારા કરવામાં આવેલ તેવી વાદીની દાવા હકીકત અને રજૂ દસ્તાવેજી ફરિયાદ ઉપરથી જણાય આવે છે. વાદીએ પોલીસ્ટેશનમાં ફરિયાદ કરેલ તે હકીકતનું પ્રતિવાદી ધ્વારા ખંડન કરવામાં આવેલ નથી માત્ર ખોટી કરેયાદ કરેલ છે તેવી હકીકત પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ પોલીસસ્ટેશનમાં બનાવની ફરિયાદ કરેલ તે હકીકત સ્વીકૃત હકીકત બને છે. વધુમાં, વાદી ધ્વારા રજૂ દસ્તાવેજમાં તેઓ પોલસ સમક્ષ નીવેદન આપેલ તેની તારીખ તે સારવાર માટે દવાખાનામાં દાખલ થયેલ અને સારવાર લીધેલ તેની તારીખ તેમજ વાદીએ આપેલ પોલીસ ફરીયાદ ડોકટર પરીમલ, સુરેન્દ્રનગર સારવાર દરમિયાન તા. ૨૧/૬/૨૦૨૧ના રોજ આપેલ હોવાનું પુરાવા પરથી જણાય આવે છે. આમ, જયારે વાદીની

દાવા હકીકત મુજબ તેઓને ઈજા થતા તાત્કાલીક દવાખાનામાં સારવાર માટે ગયેલ અને ત્યારબાદ દવાખાનામાં થી સારવાર દરમિયાન તેઓએ ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે જે હકીકત કુદરતી ક્રમમાં વાજબી માનવાનું કારણ ઉપસ્થિત થાય છે. સદર હકીકતથી વિરુધ્ધ કોઈ વિપરીત હકીકતથી પ્રતિવાદી પક્ષ સદર હકીકતનું ખંડન કરવામાં  સફળ થયેલ નથી જેથી મોડી ફરિયાદનું કારણ  બનાવ બનેલ નહી તેવુ માનવાને કોઈ વાજબી કારણ ઉપસ્થિત નહી હોવાનું માનું છું. વધુમાં વાદી ધ્વારા દસ્તાવેજી પુરાવા સ્વરુપે તેઓએ આપેલ ફરિયાદ સંબંધિત કામમાં પોલીસ ધ્વારા પંચનામું કરવામાં આવેલ તેની હકીકત ધ્યાને લેવામાં આવે તો બનાવસ્થળ  ઉપર પ્રતિવાદી કંપનીનો સિમેન્ટનો વીજપોલ ઉભો હોવાનું જણાવેલ છે તેમજ હાજર સાહેદ સદર જગ્યામાં નવો  વીજ પોલ ઉભો કરેલ હોવાનુ જણાવે છે. વધુમા, સદર પંચનામાની વિગતમાં વાદીના મકાનની માટીની કાચી દિવાલ આવેલ હોય જેના કાટમાળની તથા મોભાની તથા લાકડાની દિવાલ તુટી–ફાટી ગયેલ હોવાનું જણાય આવેલ હોવાનું દર્શાવેલ છે. સદર બનાવમાં તુટી પડેલ વીજપોલ ભાંગી તુટેલ જગ્યા ઉપર પડેલ જોવા મળતો નહી હોવાનુ જણાવે છે જે સ્થળ ઉપર હાજર ઈસમો વીજ કંપનીના કર્મચારીઓ ધ્વારા નવો વીજપોલ ઉભો કરી તુટેલ વીજપોલ સદર જગ્યાએથી હટાવી દિધેલ હોવાનુ જાણતા હોવાનું જણાવેલ છે. આમ, સદર પંચનામામાં વીજપોલ પડી ગયેલ  જોવામાં મળી આવેલ હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી  પરંતું વાદીના મકાનના લાકડા અને દિવાલ તુટી ગયેલ હોવાની હકીકત પંચનામા ઉપરથી ફલીત થાય છે અલબત પંચનામા સમયે હાજર સાહેદ નિવેદન સ્વરુપે પ્ર તિવાદી  કંપનીના માણસો આવેલ અને નવો વીજપોલ લગાવી ગયેલ

હોવાનું જણાવે છે. અલબત પંચનામામાં નવો વીજપોલ ઉભો કરેલ હોવાની હકીકત જણાય આવે છે. પ્રતિવાદી ધ્વારા આંક– ૩૫ થી પીજ.જી.વી.સી.એલ. લીંબડી રુરલ, તાલુકો લીબડી, જીલ્લો સુરેન્દ્રનગરના ડેપ્યુટી એન્જીનીયરશ્રી હસમુખભાઈ ગં ગારામભાઈ બોળીયાને તપાસેલ છે જેમા સદર સાહેદ વાદીની તમામ હકકીકતનું ખંડન કરતા વાદી વીજ સ્થળ પર ઉભા વીજપોલ ઉપર ચડી ગેરકાયદેસર ઈલેકટ્રીક લંગર લગાવવા જતા પડી ગયેલ અને ઈજા થયેલ હોવાની હકીકત જણાવે છે. વધુમા , સદર સાહેદ પોતાના પુરાવામાં સ્પષ્ટપણે એ હકીકતનો સ્વીકાર કરે છે કે , બનાવ રોજ વીજ પોલ તુટી ગયેલ અલબત સદર વીજ પોલ વાવાઝોડા બાદ પવન અને વરસાદને કારણે તુટી ગયેલ હોવાનું પ્રતિવાદી જણાવે છે. આમ બનાવ રોજ પ્રતિવાદી કંપનીનો વીજપોલ તુટેલ તે હકીકતનો સ્વીકાર પ્રતિવાદી પોતે કરે છે. વધુમા, પ્રતિવાદી સદર વીજપોલ વાવાઝોડા અને વરસાદને કારણે તુટેલ તેવી હકીકત જણાવે છે. રજૂ પોલીસ પંચનામામાં વાદીના મકાનના લાકડા તુટી ગયેલ હોવાનુ જણાય આવેલ છે. આંક – ૨૨થી રજૂ સદર પંચનામુ તા.૨૧ .૦૬.૨૦૨૧ નારોજ તૈયાર કરેલ હોવાનુ અને બનાવ તા.૧૭. ૦૬.૨૦૨૧ના રોજ બનેલ હોવાનું પુરાવા પરથી પુરવાર થાય છે. આમ, બનાવ બાદ ચાર દિવસ વીત્યા બાદ વાદીએ કરેલ પોલીસ ફરિયાદ અનુસંધાને પંચનામુ કરવામાં આવેલ હોવાનુ પંચનામાની હકીકતે પુરાવર થાય છે. સદર પંચનામાનો પ્રતિવાદી પક્ષ ધ્વારા ઈન્કાર કરવામાં આવેલ નથી કે ખંડન કરવામાં આવેલ નથી. સદર પંચનામું પોલીસ ધ્વારા તપાસ કાર્યમાં ફરજ અને સત્તાની રુએ કરવામાં આવેલ પંચનામું છે જે સ્વતંત્ર એજન્સી છે પંચનામામાં પણ હાજર સાહેદ જુનો વીજપોલ પડીને તુટી જતા નવો થાંભલો

નાખેલ હોવાની હકીકત જણાવે છે. આમ, વાદી તથા પ્રતિવાદીના પુરાવા તેમજ રજૂ દસ્તાવેજી પુરાવા હકીકત ધ્યાને લેતા બનાવ રોજ વીજપોલ વાદીના ઘર પર પડતા વાદીના ઘરને નુકશાન થયેલ તેવી હકીકત પુરવાર કરવામાં વાદી પક્ષ સફળ થયેલ હોવાનું માનું છું.

વધુમાં, સદર વીજ પોલ પડતા વાદીને ઈજા થયેલ કે કેમ? અને તેવી ઈજા વાદીએ જણાવ્યા મુજબ થયેલ કે કેમ? અને જો તેઓને દાવા મુજબ ઈજા થયેલ હોય તો તેની સારવાર અને જણાવ્યા મુજબની કાયમી ખોડખાપણ રહી ગયેલ કે કેમ? તે હકીકત મહત્વની બને છે. વાદીની તેઓની તા.૧૭.૦૬.૨૦૨૧ના રોજની વાદીની પોલીસ ફરિયાદની હકીકત ધ્યાને લેતા ફરિયાદ તા.૨૧.૦૬.૨૦૨૧ના રોજ આપેલ તેમજ બનાવ તા.૧૭.૦૬.૨૦૨૧ના રોજનો દર્શાવેલ છે. બનાવ બાદ તુરત વાદી દવાખાનામાં સારવાર અર્થે ગયેલ છે અને તેઓએ સારવાર લીધેલ હોવાનું પુરાવા પરથી સ્પષ્ટરીતે પુરવાર થયેલ છે. વીજપોલની લંબાઈ ધ્યાને લેતા અને વાદીના કથન મુજબ તેઓ બનાવ રોજ તેના ઘરની બહાર ઉભા હતા અને વીજપોલ પડતા તેઓને ઈજા થયેલ હોવાનું જણાવે છે. પોલીસ પંચનામાની વિગતે વાદીના મકાનના લાકડા તુટેલા મળી આવેલ હોવાનું જણાય આવે છે. સ્થળ ઉપર નવો સિમેન્ટનો થાંભલો લગાડેલ હોવાનું પંચનામાની વિગતે પુરવાર થાય છે. વધુમા, પ્ર તિવાદીના કથન મુજબ પ્રતિવાદી ગેરકાયદેસર લંગરથી વીજ સ પ્લાય લેવા થાંભલા ઉપર ચડતા અને પડી જતા ઈજા થયેલ હોવાનું જણાવે છે. આમ, સ્થળ ઉપર વાદી હાજર હતા તે હકીકતે કોઈ ઈન્કાર નથી કે કોઈ ખંડન કરવામાં આવેલ નથી જે સંજોગોમાં પ્રતિવાદીના જ પુરાવાની હકીકત ધ્યાને લેતા બનાવ રોજ વાવાઝોડુ આવેલ વરસાદ હતો અને વીજપોલ પડી ગયેલાનું પ્રતિવાદી પોતાના

પુરાવામાં સ્વીકાર કરે છે તેવા સંજોગોમાં પોલીસ પંચનામાની વિગતે જેમા વાદીના ઘરના લાકડા તુટી ગયેલ હોવાનું જણાય આવેલ છે નવો સિમેન્ટનો વીજપોલ સ્થળ ઉપર જણાય આવેલ છે. વાદીની હાજરી સ્થળ ઉપર હોવા સંબંધે કોઈ ઈન્કાર કે ખંડન નથી દવાખાનામાં વાદીએ સારવાર લીધેલ છે તે તબીબી પુરાવા તેમજ રજૂ દવાના બીલની હકીકત ધ્યાને લેતા વાદીને વીજ પોલ તુટી જતા તેઓને ઈજા થયેલ અને તેઓએ દવાખાનામાં સારવાર લેવી પડેલ તેવી હકીકત પુરવાર કરવામાં વાદી પક્ષ સફળ ગયેલ હોવાનું માનું છું.

વધુમાં, વીજપોલ પ્રતિવાદીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે પડેલ કે કેમ? અને તે કારણે અકસ્માત સર્જાયેલ કે કેમ? તેવી હકીકત લક્ષમાં લેતા પ્રતિવાદી ધ્વારા આંક–૩૫થી સોગંદ પરનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે. જેમની ઉ.ત.માં સદર સાહેદ લીંબડી રૂરલ પી.જી.વી.સી.એલ. વિભાગમાં ડેપ્યુટી એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. બનાવ સ્થળ મોટા ટીંબલા ગામ તેઓના કાર્યક્ષેત્રમાં આવતુ હોવાનું કબુલે છે પરંતુ સદર ગામમા કોઈ વીજપોલ આવેલ છે કે કેમ? તેની તેઓને જાણ નથી. વીજપોલની જાળવણી કે કાર્યક્ષમતાનું કોઈ રજીસ્ટર રાખવામાં આવતુ નથી તેવુ તેઓ જણાવે છે. બનાવ સ્થળ પર વીજપોલ નાખવામાં આવેલ ત્યારે સ્થળ ઉપર સાહેદની હાજરી હતી કે કેમ? હું કહી શકુ તેમ નથી તેમ જણાવે છે. બનાવ સ્થળ વાળો વીજપોલ કેટલા ઉંડા ખાડામાં રોપીને નાખેલ તેની તેઓને જાણ નથી તેવી હકીકત કબુલ કરે છે. વાવાઝોડું આવવાનું હોય ત્યારે હવામાન ખાતા તરફથી જાહેરાત કરવામાં આવે છે કે કેમ એ વાતની પણ તેઓને જાણ નથી. બનાવ રોજ વાવાઝોડાની કોઈ જાહેરાત તેઓની કંપની ધ્વારા કરવામાં આવેલ કે કેમ તેની પણ તેઓને કોઈ જાણ નથી.

વધુમાં સાહેદ સ્પષ્ટરીતે જણાવે છે કે, નિયમોનુસાર વીજપોલ જમીનની અંદર ખાડો ખોદીને નાખેલ ન હોય વીજપોલ પડતા અકસ્માત થયેલ કે કેમ તેની તેઓને જાણ નથી. વીજપોલ પુરતો ખાડો ખોદીને નાખેલ ન હોય વાવાઝોડામાં ટકી શકેલ નહીં કે કેમ તે વાતની પણ તેઓને જાણ નથી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત બાદ બનાવસ્થળના પંચનામામું કંપનીના માણસો ધ્વારા કરવામાં આવેલ નથી. આમ, સદર સાહેદ કંપનીના જવાબદાર અધિકૃત અધિકારી છે તેઓને વીજ કંપનીમાં આકસ્મીક અકસ્માત થાય તેવા સંજોગોમાં કંપનીના પ્રસ્થાપિત નિયમોની જાણ કરતા નહી હોવાનું સ્પષ્ટ થાય છે. કંપની ધ્વારા અકસ્માત બાદ તે લગત કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું પણ સાહેદ જણાવતા નથી. વધુમાં, કંપનીને અકસ્માતની જાણ થયેથી સ્થળનું પંચનામું કંપનીએ કરેલ હોય કે અન્ય કોઈ દસ્તાવેજી કાર્યવાહી અકસ્માત લગત કંપનીના ધારાધોરણ અને નિયમો મુજબ કરેલ નહી હોવાનું સાહેદના પુરાવા પરથી જણાય આવે છે. કંપની ધ્વારા સદર અકસ્માતમાં કંપનીનો વીજપોલ પડી જતા તેમજ અકસ્માત સર્જાતા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો લગત કોઈ દસ્તાવેજ પણ પ્રતિવાદી ધ્વારા રજૂ કરવામાં આવેલ નથી. જે સંજોગોમાં અકસ્માતમાં વાદીના કથન મુજબ સ્થળ ઉપર વીજપોલ પડી જતા વાદીને ઈજા થયેલ અને તેઓને શારીરીક ઈજા અને નુકશાન પહોચેલ તેવી હકીકત વિરુધ્ધના કોઈ પણ પુરાવાના અભાવે વાદી સફળ ગયેલ હોવાનું માનું છું. વધુમાં , વાદી જણાવે છે કે, સદર અકસ્માતમાં તેઓને પગમાં ઈજા થયેલ અને ૨૮ ટકા કાયમી ખોડખાપણ રહી ગયેલ જેથી તેઓ દરજી કામ કરી શકતા નથી અને તેઓનું રોજીંદુ કાર્ય પણ યોગ્ય રીતે કરી શકતા ન હોય તેઓને કાયમી ખોડખાપણ રહી

ગયેલ છે જે પુરવાર કરવા માટે આંક–૨૮થી ડોકટર યોગેન્દ્રસિંહ ડી. સોલંકીનું ખોડખાપણ સર્ટીફીકેટ રજૂ કરેલ છે. સદર દસ્તાવેજ જોતા દર્શાવેલ ડોકટર યોગેન્દ્રસિંહ ડી. સોલંકી ઓર્થોપેડીક ડોકટર છે તેમજ રજીસ્ટર્ડ ડોકટર છે. દસ્તાવેજમાં તેની સહી છે તેમજ દસ્તાવેજમાં દર્શાવેલ હકીકત મુજબ તેઓને ૨૮ ટકા કાયમી ખોડખાપણ રહી ગયેલ હોવાનું જણાવેલ છે. વાદીના કથન મુજબ તેઓને વીજપોલ પડી જતા ઈજા થયેલ હોવાનું વાદી જણાવે છે. બંને સંજોગોમાં વાદીને બનાવ સ્થળ ઉપર વીજપોલના કારણે અકસ્માત થયેલ હોવાનું પુરવાર થાય છે. રજૂ સારવાર કરનાર ડોકટરના અભિપ્રાય મુજબ પણ વાદીને અકસ્માતમાં જણાવેલ મુજબની ઈજા થઈ શકે તેવું જણાવેલ છે અને સદર મેડીકલ સર્ટીફીકેટ સદર ખોડખાપણ સર્ટીફીકેટમાં જણાવેલ હકીકત મુજબ પણ ચકાસેલ શરીરના ભાગની ઈજા અને આપેલ ખોડખાપણ સર્ટીફીકેટમાં દર્શાવેલ ખોડખાપણ ધ્યાને લેતા સમગ્રપણે અકસ્માતમાં વાદીને ઈજા થયેલાનું માનું છું અને મુદ્દા નંબર–૧નો નિર્ણય હકારમાં ઠરાવું છું. અગાઉ કરેલ ચર્ચા અને પૃથ્થકરણ અને પુનરાવર્તન ટાળતા અગાઉની હકીકતે વાદીને અકસ્માત પ્રતિવાદીની બેદરકારી અને નિષ્કાળજીના કારણે બનાવ બનવા પામેલ અને વાદીને કાયમી શારીરીક ખોડ રહી જવા પામેલ છે તેમજ રજૂ મેડીકલ બીલ તેમજ તેઓની ઉંમર અને કાયમી રોજબરોજની કામગીરીમાં પડનાર ભવિષ્યલક્ષી તકલીફ અને તે કારણથી તેની આવકમાં થનાર અનુમાનિત નુકશાન ધ્યાને લેતા વાદીએ માંગેલ વળતર તેઓએ દાવો દાખલ કર્યા તારીખથી ચુકવવામાં આવે તો ન્યાય અને સમન્યાયની દ્રષ્ટિએ યોગ્ય અને વાજબી હોવાનું માનું છું અને મુદ્દા નંબર–૨ હકારમાં ઠરાવું છું. વાદી મુદ્દાનં–૧ અને ૨ પુરવાર કરવામાં સફળ

ગયેલ હોય મુદ્દા નંબર– ૩નો જવાબ હકારમાં ઠરાવું છું અને આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**–:: આખરી હુકમ ::–**

૧. વાદીનો દાવો આથી ખર્ચ સહીત મંજુર કરવામા આવે છે.

૨. વાદીને વળતર પેટે રૂ. ૨,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) દાવા દાખલ તારીખથી ૭ ટકાના વ્યાજ સાથે ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૩. પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતપોતાની રીતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ: લીંબડી,
તા : ૨૫ /૦૩/૨૦૨૬.

(એમ.બી.બાજપાઈ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
લીંબડી.
**(જજ કોડ –જી.જે.૦૦૭૨૦)**